ખાણ ખનિજ ખાતામાં થતી રોયલ્ટીની ચોરી અટકાવવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
સરદાર ભવન સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૦/ઓડી-૧૧/ક
તા. 26 OCT 2010

સંદર્ભઃ- (૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા૧૯/૯/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃએમસીઆર-૧૧૦૫-જીઓઆઇ-૨૮ છ,
(૨) તા.૯/૯/૨૦૧૦ ના રોજ યોજાયેલ ટાસ્ક ફોર્સ અને કોર્ડીનેશન કમિટીની મીટીંગ
(૩) ગૃહ વિભાગના તા.૧/૧૦/૧૯૯૭ નો પત્ર ક્રમાંકઃપરચ-૧૯૯૭-મોડી-૨૩-ક,
(૪) અગ્ર સચિવશ્રી. ઉ.ખા.વિ.ના તા.૨૯/૧૨/૨૦૦૯ ના અ.સ.પત્ર ક્રમાંકઃપીએસ આઇએમડી/૦૯/૧૮૫

**ઠરાવઃ-**

ભારત સરકારના ખાણ મંત્રાલયના સુચન અન્વયે સંદર્ભ (૧) દર્શિત ઠરાવથી ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે.જીલ્લા કક્ષાની ટાસ્ક ફોર્સના અધ્યક્ષશ્રી.તરીકે સંબંધિત જીલ્લાના કલેકટર તથા સંબંધિત જીલ્લાનાપોલીસ અધિક્ષકશ્રી.સભ્ય છે.

રાજયમાં બિનઅધિકૃત ખનિજ ખોદકામ,સંગ્રહ,વહન અટકાવવા માટે ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ ફલાઇંગ સ્કવોડ અને જીલ્લા કચેરીઓ દ્વારા ચેકીંગ દરમ્યાંન ખનિજના વાહનો પકડવામાં આવે છે. તાજેતરમાં રાજયના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં બિનઅધિકૃત પકડવામાં આવેલ વાહનોના કિસ્સામાં નીચેની કાર્યપધ્ધતિ અપનાવવા નું સુચવવામાં આવેલ છે.

(અ) ખનિજ ખાતાના અધિકારી/કર્મચારી દ્વારા જયારે વાહન સીઝ કરી પોલીસ સ્ટેશનમાં રાખવા માટે ત્વરિત સહયોગ કરવો તેમજ બિન અધિકૃત ખનિજ વહન,ખોદકામ કરતા પકડાયેલ વાહનને સીઝ કરીને ઓછામાં ઓછા દિન-૧૫ સુધી રાખી સંપુર્ણ તપાસ કરી તથા રાજયસાત કરવાની કાર્યવાહી હાથ ધરવી

પોલીસ ફરીયાદ દાખલ કરવાની થાય ત્યારે તાત્કાલીક પોલીસ ફરીયાદ દાખલ

કરવી તેમજ ફલાઇંગ સ્કવોર્ડ અને તપાસ ટીમને જયારે જયારે આવશ્યકતા ઉભી થાય ત્યારે નજીકના પોલીસ સ્ટેશનમાંથી તાત્કાલીક ધોરણે તેમને જરૂરી પોલીસ સેવાઓ ત્વરિત મળે તે માટેની કાર્યપધ્ધતિ ગોઠવવાની રહેશે.

(બ) કસુરદાર સામે પોલીસ ફરીયાદ ( for violation of section 4 & 4 (1)-A under 22 of MM ( D & R ) Act 1957 ) તુર્તજ દાખલ કરવી તથા રીઢા ગુનેગારો સામે પાસાના કાર્યવાહી હાથ ધરવી.

(ક) રાજય સરકાર દ્વારા રેતી ખનિજના રાજય બહાર વહન પર પ્રતિબંધ મૂકેલ હોઇ, રેતી ખનિજ રાજય બહાર વહન કરતા વાહનો પકડી, જીલ્લાના ભુસ્તરશાસ્ત્રીને હવાલે મુકવા માટે કાર્યવાહી કરવી.( ખાસ કરીને સુરત,વડોદરા,ભરૂચ,નવસારી,વલસાડ જિલ્લામાં) નીચે દર્શાવેલ રૂટ પર વિશેષ કાળજી રાખવી.

- સુરત-બારડોલી-વાલોડ-ઉનાઇ-વાંસદા-વઘઇ-ધરમપુર ચોકડી-સેલવાસ નાસિક રૂટ
- બોડેલી-પાવી જેતપુર-રાજપીપળા-સુરત-વલસાડ-વાપી-ભિલાડ ચેક પોસ્ટ-તરીગામ
- સુરત-વ્યારા-ઉછલ-નંદુરબાર ( મહારાષ્ટ્ર )
- સુરત બારડોલી-મહુવા-વાસદા-સાપુતારા-નાસિક રોડ

(ડ) ખાસ કરીને જામનગર જીલ્લામાં બોકસાઇટ વિસ્તાર,સુરેન્દ્રનગર જીલ્લામાં કાર્બોસેલ ખનિજ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ અને કચ્છ જીલ્લામાં લાઇમસ્ટોન,બેટોનાઇટ ખનિજ વિસ્તારોમાં ખનિજ ચોરી બાબતે કોમ્બીંગ ઓપરેશન હાથ ધરવું તેમજ પકડાયેલ ઇસમો સામે કડક હાથે કામ લેવું. ફલાઇંગ સ્કોવોર્ડ અને રાજયના તમામ જીલ્લામાં આવેલ જીલ્લા કચેરીઓ ગેરકાયદેસર રીતે થતું ખનિજ ખોદકામ સંગ્રહ તથા વહન ચેક કરીને રોયલ્ટી ચોરી પકડી પાડવાની કામગીરી કરે છે. અમુક જીલ્લામાં માથાભારે વ્યકિતઓ દ્વારા દુર્ગમ સ્થળે ગેરકાયદેસર ખોદકામ કરતા હોય છે અને સ્થળ તપાસ તેમજ ઓચિંતા ચેકીંગ વખતે મુશ્કેલીઓ પડતી હોય છે જેવી કે,

(૧) દુર્ગમ વિસ્તારમાં આવેલ ખાણોમાં ચાલતાં ગેરકાયદેસર ખનિજ ખોદકામ વખતે ઓચિંતી સ્થળ તપાસ કરતા સ્થાનિક ખાણીયાઓ ભાગી જાય છે.

(૨) કેટલાંક ખાણીયાઓ જવાબ આપવા ઉભા રહેતા નથી અથવા સ્થળ તપાસમાં સહકાર આપતા નથી.

(૩) અમુક સંજોગોમાં મોટા પ્રમાણમાં લોકોના ટોળાં ભેગા થઇને ઉશ્કેરણીજનક વાતાવરણ ઉભું કરે છે. આથી સ્વબચાવનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

(૪) ખનિજ ભરેલ વાહન ઉભું ન રાખી ડ્રાઇવર વાહનને તેજ ગતિએ ભગાડી મુકે છે અને આવા સંજોગોમાં તેને પકડવા માટે લાંબા અંતર સુધી પીછો કરી ડ્રાઇવરને વાહન સાથે પકડવા જરૂરી છે.

(૫) વાહન ઉભા રાખવામાં સ્થાનિક ટ્રાફીકને મુશ્કેલી ન પડે તે રીતે વાહનોની અટક અને ગોઠવણ વિગેરે કરવા માટે પોલીસની હાજરી જરૂરી છે.

(૬) સીઝ કરેલ વાહન પોલીસ સ્ટેશનમાં રાખવામાં ઘણીવાર સહયોગ મળતો નથી તેમજ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં વિલંબ થાય છે.

ઉપરોકત તમામ સંજોગોમાં ખાણ ખનિજ વિભાગમાં રોયલ્ટીની ચોરી અટકાવવા માટે ફલાઇંગ સ્કવોર્ડની કામગીરીને વધુ ધનિષ્ઠ અસરકારક અને ચેતનવંતી બનાવવાના હેતુ સર જરૂરી પોલીસ સહયોગ આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા તમામ ક્ષેત્રિય અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રી.ના હુકમથી અને તેમના નામે,

( પ્રદિપ પારેખ )
નાયબ સચિવ
ગૃહ વિભાગ,

પ્રતિ,

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી.ગુજરાત રાજય, પોલીસ ભવન ગાંધીનગર,તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

પોલીસ કમિશ્નરશ્રી.અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત,

તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.ઓ

નાયબ સચિવશ્રી.ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય , ગાંધીનગર,

સિલેકટ ફાઇલ

નાયબ સેકશન અધિકારી શ્રી સિલેકટ ફાઇલ